# સુવાર્તાની
## વાર્તા પુસ્તક
### ચાર



આ મારી સુવાર્તાની વાર્તા પુસ્તક ચાર છે

મારું નામ છે

______________________________

હું મારી સુવાર્તાની વાર્તા પુસ્તક ચાર
વાંચી શકું છું

આ વાર્તાઓ સર્જનહાર ઈશ્વરના પવિત્ર પુસ્તકમાંથી છે
આ પુસ્તકના બધા ચિત્રો ભારતના આદિવાસી બાળકોએ બનાવેલા છે.
સુવાર્તાની વાર્તા પુસ્તક ચાર. કૉપીરાઇટ 2018. ભારતમાં મુદ્રિત. વધુ માહિતી માટે સંપર્ક
કરો: WBTC India, P.O. Box 8478, Bangalore 560084. Email: info@wbtcindia.com



સ્વર્ગથી અગ્નિ..............................2-17
અગ્નિનું વર્તુળ..............................18-32


# સ્વર્ગથી અગ્નિ

ઘણા, ઘણા, ઘણા,
વર્ષો વીતી ગયા.

હું લોકોને અન્ય દેવો
માટે ગાતા જોઈ શકું છું.







હું એક માણસને જોઈ શકું છું.

તેનું નામ એલિયા છે.

એલિયા સર્જનહાર ઈશ્વર
માટે ગાઈ રહ્યો છે.

હું એલિયાને લોકોને કહેતા
સાંભળી શકું છું જેઓ અન્ય દેવો
માટે ગાય છે,

‘જો તમારા દેવો સાચા ઈશ્વર છે
તો તેમને વેદી પર અગ્નિ
વરસાવવા દો.

જો સર્જનહાર ઈશ્વર સાચા ઈશ્વર છે
તો તેમને વેદી પર અગ્નિ
વરસાવવા દો.’

યુદ્ધ શરૂ થાય છે.







જે લોકો અન્ય દેવોને
માટે ગાય છે તેઓને હું
એક વેદી બાંધતા જોઈ શકું છું.

જે લોકો અન્ય દેવોને માટે ગાય છે
તેઓને હું વેદી ઉપર એક ગોધો
મૂકતા જોઈ શકું છું.

જે લોકો અન્ય દેવોને માટે ગાય છે
તેઓને હું ગાતા, પ્રાર્થના કરતા, નાચતા
અને કૂદતા જોઈ શકું છું...

ઉપર અને નીચે...ઉપર અને નીચે...
ઉપર અને નીચે.







હું જોઈ શકું છું જે લોકો અન્ય દેવો
માટે ગાય છે તેઓ સાંભળી રહ્યા છે...
સાંભળી રહ્યા છે...સાંભળી રહ્યા છે.

અન્ય દેવો કોઈ જવાબ આપતા નથી.





હું એલિયાને લોકોને કહેતા
સાંભળી શકું છું જેઓ અન્ય દેવો
માટે ગાય છે,

'વધુ જોરથી પ્રાર્થના કરો,
વધુ લાંબું નાચો અને વધુ ઊંચું કૂદો.

કદાચ તમારા દેવો સુઈ ગયા છે.'

જે લોકો અન્ય દેવોને માટે ગાય છે

તેઓને હું જોરથી પ્રાર્થના કરતા,

વધુ લાંબું નાચતા અને ઊંચું કૂદતા
જોઈ શકું છું...ઉપર અને નીચે...
ઉપર અને નીચે...ઉપર અને નીચે.







હું જોઈ શકું છું જે લોકો અન્ય દેવો
માટે ગાય છે તેઓ

સાંભળી રહ્યા છે...સાંભળી રહ્યા છે...
સાંભળી રહ્યા છે.


અન્ય દેવો કોઈ જવાબ આપતા નથી.

એલિયા જે સર્જનહાર ઈશ્વર
માટે ગાય છે તેને હું
એક વેદી બાંધતા જોઈ શકું છું.

એલિયા જે સર્જનહાર ઈશ્વર
માટે ગાય છે તેને હું વેદી પર
એક ગોધો મૂકતા જોઈ શકું છું.







એલિયા જે સર્જનહાર ઈશ્વર
માટે ગાય છે તેને હું વેદીની
આસપાસ પાણી રેડતા જોઈ શકું છું,

રેડી રહ્યો છે...રેડી રહ્યો છે...
રેડી રહ્યો છે.

હું એલિયાને સર્જનહાર ઈશ્વરને
કહેતા સાંભળી શકું છું,

‘કૃપા કરીને, મને જવાબ આપો જેથી
લોકો ફક્ત તમારા માટે ગાય.’







બધા લોકો જોઈ રહ્યા છે...રાહ જોઈ
રહ્યા છે...અને ધ્યાન આપી રહ્યા છે.

પછી તે થયું!

સર્જનહાર ઈશ્વરે વેદી પર
અગ્નિ વરસાવી!





હું બધા લોકોને સર્જનહાર ઈશ્વર
માટે ગાતા જોઈ શકું છું.

હું બધા લોકોને કહેતા સાંભળી શકું છું,


‘સર્જનહાર ઈશ્વર એ જ
સાચા ઈશ્વર છે.’

# અગ્નિનું વર્તુળ

ઘણા વર્ષો વીતી ગયા.

હું એક રાજાને જોઈ શકું છું.

હું રાજાને સોનાની મૂર્તિ
બાંધતા જોઈ શકું છું.







હું રાજાને લોકોને કહેતા
સાંભળી શકું છું,

‘સોનાની મૂર્તિ માટે જ ગાઓ નહિ
તો હું તમને અગ્નિમાં ફેંકી દઈશ.’

ત્યાં જુઓ, અગ્નિ બહુ
ગરમ...ગરમ...ગરમ છે!







હું ત્રણ છોકરાઓને સર્જનહાર ઈશ્વર
માટે ગાતા જોઈ શકું છું.

હું ત્રણ છોકરાઓને કહેતા સાંભળી શકું છું,

‘અમે તો ફક્ત સર્જનહાર ઈશ્વર
માટે ગાઈશું.’

હું જોઈ શકું છું રાજા
બહુ, બહુ, બહુ ગુસ્સામાં છે.







હું રાજાને કહેતા સાંભળી શકું છું,

‘ત્રણ છોકરાઓ જે ફક્ત
સર્જનહાર ઈશ્વર માટે ગાય છે,
તેઓને અગ્નિમાં ફેંકી દો!’

ત્યાં જુઓ, અગ્નિ બહુ
ગરમ...ગરમ...ગરમ છે!








હું જોઈ શકું છું ત્રણ છોકરાઓ જે
ફક્ત સર્જનહાર ઈશ્વર માટે ગાય છે
તેઓને અગ્નિમાં ફેંકવામાં
આવી રહ્યા છે.



ત્યાં જુઓ, અગ્નિ બહુ
ગરમ...ગરમ...ગરમ છે!







હું રાજાને કહેતા સાંભળી શકું છું,


‘જુઓ, ત્રણ છોકરાઓ અગ્નિમાં
ચાલી રહ્યા છે!

હવે અગ્નિમાં ચાર લોકો
ચાલી રહ્યા છે!


ત્રણ છોકરાઓ અને એક
વ્યક્તિ સર્જનહાર ઈશ્વર જેવો.’

હું રાજાને ત્રણ છોકરાઓને,
જેઓ ફક્ત સર્જનહાર ઈશ્વર માટે ગાય છે
તેઓને કહેતા સાંભળી શકું છું,

'આ મોટી અગ્નિમાંથી બહાર આવો!'







ત્યાં જુઓ, અગ્નિ બહુ
ગરમ...ગરમ...ગરમ છે!

હું ત્રણ છોકરાઓને અગ્નિમાંથી
બહાર આવતા જોઈ શકું છું.

હું જોઈ શકું છું ત્રણ છોકરાઓને
અગ્નિથી કોઈ નુકસાન થયું નથી.







હું રાજાને કહેતા સાંભળી શકું છું,

‘સર્જનહાર ઈશ્વર માટે ગાઓ.

સર્જનહાર ઈશ્વરે ત્રણ છોકરાઓને
અગ્નિમાંથી બચાવી લીધા છે.’

અન્ય કોઈ દેવ પાસે
બચાવવાનું સામર્થ્ય નથી.

સર્જનહાર ઈશ્વર એ જ
સાચા ઈશ્વર છે.

સર્જનહાર ઈશ્વર આવી રહ્યા છે...

